# મોડાસાની ધી સર્વોદય બેંકની ચૂંટણીમાં ઈકબાલ ઈપ્રોલીની પેનલનો વિજય

મોડાસા શહેરની ધ સર્વોદય સહકારી બેંકની ચૂંટણી સહકારી વિભાગ દ્વારા અમલી બનાવેલ નવા નિયમ મુજબ રવિવારે યોજાઈ હતી. ચૂંટણી ના રસાકસી ભર્યા જંગમાં સતત ૨૪ વર્ષથી સર્વોદય બેંકમાં ચેરમેન તરીકે સેવા આપતા ઈકબાલ ઈપ્રોલિયાની પેનલના ૧૪ ડિરેકટરોનો ભવ્ય વિજય થયો હતો. સર્વોદય બેંકના વર્તમાન ચેરમેન ઈકબાલ ઈરોલીયાએ ૧૪ ઉમેદવારોની પેનલ બનાવી મેદાનમાં ઉતારી હતી. જયારે સામા પક્ષે લઘુમતિ સમાજના યુવાનોએ સતત ૨૪ વર્ષથી શાસન કરતી પેનલને પછાડવા અને સર્વોદય બેંકના શાસનની ધુરા સંભાળવા અપ્તારભાઈ ચીસ્તી અને લઘુમતી સમાજના અન્ય યુવાનો સાથે મળી ૧૪ ડિરેકટર્સની પેનલે ઉમેદવારી નોંધાવતા ચૂંટણી જંગ રસાકસી ભર્યો બન્યો હતો. છેલ્લા પંદર દિવસથી બંને પેનલના સભ્યોએ વિજયી બનવા કમર કસી હતી ત્યારે રવિવારે મખદુમ હાઈસ્કુલમાં મતદાન યોજાયું હતું. જેમાં ૯૮૨૭ સભાસદોમાંથી ૫૨૨૭ મતદારોએ મતનો ઉપયોગ કર્યો હતો. સાંજે હાથ ધરાયેલ મતગણતરીમાં હાથીના નિશાનવાળી ઈકબાલ ઈપ્રોલીયાની પેનલના ૧૪ ડિરેકટરોનો ભવ્ય વિજય થયો હતો. જયારે સામી પેનલમાં યુવાનોમાં નિરાશા વ્યાપી હતી. વિજય બનેલી ઈકબાલ ઈપ્રોલીયા અને યાસીન કાઝી તેમજ અન્ય ડિરેકટરો અને ટેકેદારો દ્વારા ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું.





# ડીસામાં ગેરકાયદેસર બિલ્ડીંગોનો રાફડો

## ડીસા નગરપાલિકાના આંખ આડા કાન : તંત્રની ભેદી ચુપકીદી

ડીસા, તા.૧૫

બનાસકાંઠા ના મુખ્ય વહેપારી મથક ડીસામાં ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટયો છે. આવા ગેરકાયદેસર બાંધકામો સામે લાલ આંખ કરવાને બદલે નગરપાલિકા તેમજ સિટી સર્વે વિભાગ અને લાગતું વળગતું તંત્ર જ પ્રોત્સાહન આપતું હોય તેવો ઘાટ સર્જાયો છે. ડીસા શહેરી વિસ્તારમાં ચાલુ વર્ષ દરમિયાન અંદાજીત ૪૦ ગેરકાયદેસર કોમર્શીયલ શોપિંગ સેન્ટરો બંધાયા છે. આ શોપિંગ સેન્ટરો ના બાંધકામનો ટેક્સ ઉઘરાવવા નગરપાલિકાએ કેટલાક બાંધકામને ચોપડે ચઢાવી દીધા છે.

ખુલ્લેઆમ ગેરકાયદેસર બંધાકામો કરતા ટ્રાફિક સમસ્યા સાથે રસ્તા સાંકડા થતા લોકોમાં આવા બિલ્ડરો અને જવાબદાર તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે

ડીસામાં કેટલાક રાજકીય પીઠબળ ધરાવતા બિલ્ડરોએ શહેરમાં કચ્છી કોલોની, રિસાલા બજાર, શુભાશ ચોક, ચંદ્રલોક સોસાયટી પાસે ગાયત્રી મંદિર રોડ, હાઈવે વિસ્તાર, વેલુંનનગર, પાટણ હાઈવે રોડ, અમૃત નગર સહીત



અનેક નગર પાલિકા વિસ્તારમાં નિયમો નેવે મુકી દઈ આડેધડ કોમર્શીયલ શોપિંગ સેન્ટરો ઉભા કરી દીધા છે. જેમાં બિલ્ડીંગ બાયલોઝનાં નિયમો નેવે મૂકી બાંધકામ કરાયેલ છે, અને રહેણાકનાં પ્લોટોમાં શોપિંગ સેન્ટરો ઉભા કર્યા છે, તો વળી. અમુક શોપિંગ સેન્ટરોમાં બે માળ બાંધકામની મંજુરી મેળવી ચાર માળ ભયજનક રીતે ઉભા કરાયા છે.

ડીસા માં ૪૦ થી વધુ અડીખમ ઉભેલા આવા બાંધકામો સામે પગલાં ભરવામાં હજુ સુધી ડીસા પાલિકા તંત્ર ઉણુ ઉતર્યુ છે.અને આંખ આડા કાન કરી રહ્યું છે તો વળી કેટલાક કિસ્સામાં તેની સામે મંજૂરી મેળવ્યા વગર તાણી બાંધેલા બાંધકામને ટેક્સ ઉઘરાવવા માટે ચોપડે ચઢાવવામાં આવ્યા છે. ડીસા નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા એક વર્ષ દરમિયાન મંજૂરી મેળવ્યા વગર કેટલા ગેરકાયદેસર બાંધકામ કરાયા છે તેની માહિતી મેળવતાં અનેકો આવી મિલકતોની પરવાનગી લેવામાં આવી નથી.

જયારે આગામી વર્ષોમાં ગેરકાયદેસર રીતે બાંધી દેવાયેલ મિલકતોનો આંકડો તો અધધ પહોંચી જાય તેમ છે. સરકારના ચોપડે જ મંજૂરી મેળવ્યા વગરના બાંધકામ બોલે છે. પરંતુ આવા બાંધકામો સામે કાર્યવાહી કરવાને બદલે પાલિકા તેનો ટેક્સ ઉઘરાવી શકે તે માટે મિલકત રેકર્ડે ચઢાવે તેનાથી નવાઈ ઉપજી છે. એક તરફ શહેરમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે બીજી બાજુ નિયમો નેવે મુકી બાંધકામ કરનારાઓ સામે કડક પગલાં ભરવાની જગ્યાએ પાલિકા તેનો ટેક્સ ઉઘરાવે તે કેટલું વ્યાજબી ગણી શકાય ?

બિલ્ડરો જે બ્રોશર બહાર પાડે છે તે તમારા ભવિષ્યમાં થનારા દસ્તાવજ નો હિસ્સો હોતો નથી. તેને કોર્ટમાં માન્યતા પણ નથી. કારણ કે તેમાં પ્લાનમાં ફેરફાર કરવાના બિલ્ડરને અધિકાર હોય છે. સંડોવાયેલી પાર્ટીઓ એક નહીં પણ અનેક હોય છે. દા.ત. વેચનાર, જમીન માલિક, ખરીદનાર , એજન્ટ કે એજન્સી, કો ઓપરેટીવ હાઉસીંગ સોસાઈટી, મિલ્કતના વિકાસ કરનારાઓ અને આ સૌના પાવર ઑફ એટર્નીઓ. આ સૌના દસ્તાવેજો હોય છે. આમાં ઘણં બધું મભમ હોય છે. હવે જો તમારી ખરીદેલી મિલ્કતમાં તમને લાંબા કે ટૂંકા ગાળે ખબર પડે કે તમને અન્યાય થયો છે તો તમને ખબર પણ ન પડે કે આમાં કારણભૂત કોણ છે.ત્યારે પાલિકા કડક કાર્યવાહી કરવાની જગ્યા એ માત્ર નોટીશ આપી વર્ષો સુધી આવા બાંધકામો એ પ્રોત્સાહન આપતા લોકો માં રોષ જોવા મળી રહ્યો છે અને બનાસકાંઠા જીલ્લા કલેકટર દિલીપ રાણા આ મામલે દરમ્યાનગીરી કરી કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠેલ છે.

# કઠવાડિયાના યુવાને રૂ. ૧૫ લાખની લાલચમાં રૂ. ૨.૨૦ લાખ ખોયા

હિંમતનગર, તા. ૧૫

ટીવી ચેનલોમાં રોજબરોજ ચહેરો ઓળખી બતાવો અને લાખ્ખો રૂપિયાનું ઈનામ મેળવો તેવી લલચામણી જાહેરાતો આવે છે ત્યારે હિંમતનગર તાલુકાના કઠવાડિયા ગામના એક યુવાને રૂા.૧૫ લાખ મેળવવાની લાલચમાં બે અજાણ્યા શખ્સોના ખાતામાં તબક્કાવાર રૂા.૨.૨૦ લાખ ભર્યા હતા. તેમ છતાં ઈનામ ન મળતા આ શખ્સે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કઠવાડિયા ગામના કેદારસિંહ હાલુસિંહ ઝાલાએ તા.૧૪/૧૨/૧૩ થી તા.૧૪/૬/૧૫ દરમિયાન મેઝીક ચેનલમાં આવતા ચહેરો ઓળખી બતાવો કાર્યક્રમ જોઈને તેના જવાબ મો.નં. ૦૭૭૮૩૮૨૨૦૫૪ પર ફોન કર્યો હતો. ત્યારબાદ સામેથી દિપકકુમાર રાજા ઠાકુર અને અમીતકુમાર નામના ખાતાધારકે તેમના બેંક એકાઉન્ટ નં.૩૨૮૮૩૮૭૬૬૭૬૭ અને ૩૨૮૮૩૮૭૬૬૭૬૭ માં ઈનામ મેળવવા માટે ટેક્ષ ભરવા માટે પૈસા માગ્યા હતા. જેથી કઠવાડિયાના કેદારસિંહ હાલુસિંહ ઝાલાએ હિંમતનગર સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં આવેલા પોતાના ખાતામાંથી આઠ વખત રૂા.૨.૨૦ લાખ ભર્યા હતા. તેમ છતાં કેદારસિંહને રૂા.૧૫ લાખનું ઈનામ મળ્યુ ન હતું. જેથી તેઓને છેતરાયા હોવાનું મહેસુસ થયુ હતું.

ત્યારબાદ તેમણે રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં દિપકકુમાર ઠાકુર અને અમીતકુમાર વિરૂધ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડી બદલ ફરિયાદ નોંધાવી હતી.

## લાલચમાં ઘરેણા ગિરવે મૂકયા

મેઝીક ચેનલમાં ચહેરો ઓળખી બતાવી રૂા.૧૫ લાખનું ઈનામ મેળવવા કેદારસિંહએ ઘરેણા ગિરવે મૂકયા હતા. તેમજ પોતાના સબંધીઓ પાસેથી પણ ઉછીના પૈસા લીધા હતા, તેમ છતાં તેઓ છેતરાયા છે. જેથી આ કિસ્સામાં લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત સાર્થક થઈ છે.

## હિંમતનગરની સિવિલ હોસ્પિટલ પાસેથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા.૧૫

હિંમતનગરના બગીચા વિસ્તારના રહીશનું રૂા.૧૫ હજારની કિંમતનું બાઈક ગત ગુરૂવારે સિવિલ હોસ્પિટલના કોટ પાસેથી ચોરાઈ જતા વાહન ચોરીની ઘટના અંગે સોમવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

વાહન ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરના બગીચા વિસ્તારમાં રહેતા ધવલકુમાર કૌશિકભાઈ પંચાલે ગત ગુરૂવારના રોજ પોતાનું હીરો હોન્ડા બાઈક નં. જીજે. ૯. બીએ. ૪૯૪૧ સિવિલ હોસ્પિટલના કોટ પાસે પાર્ક કરી કોઈ કામ અર્થે ગયા હતા. તે દરમિયાન કોઈ ગઠિયો રૂા.૧૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ભાગી ગયો હતો. વાહન ચોરીની ઘટના અંગે તેમણે સોમવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.



## ખોડંબા ગામે એલ.સી.બી.એ સવા લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી નજીક આવેલ ખોડંબા ગામની સીમમાંથી અરવલ્લી એલસીબીની ટીમે બાતમીના આધારે કારમાંથી સવા લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો અને બે ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અરવલ્લીના શામળાજી નજીક રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરેલી કાર પસાર થઈ રહી છે તેવી બાતમી અરવલ્લી એલસીબીને મળી હતી જે બાતમીના આધારે એલસીબીની ટીમે માર્ગ પર વોચ ગોઠવી વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન બાતમીની હકિકત વાળી કાર નં. આર.જે. ૨૭સી.એ. ૫૪૫ પસાર થતા પોલીસે તેને અટકાવી હતી અને તેની તલાશી લેતા કારમાંથી કુલ ૭૪૫ નંગ કિંમત રૂ. ૧,૩૫,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે દારૂ સહિત કાર અને અન્ય ચીજ વસ્તુઓ મળી કુલ રૂ. ૬,૪૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સો તુલસીરામ ડાંગી અને સનિતલાલ ડાંગી વરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# હૂડાના અમલને રોકવા ૨૨મીએ શહેર બંધનું એલાન

હિંમતનગર, તા.૧૫

હિંમતનગર શહેરમાં હૂડાના અમલને રોકવા વ્યાપક જનાક્રોશ પ્રસર્યો છે ત્યારે આગામી તા.૨૨મી જૂને હિંમતનગર શહેરબંધનું એલાન અપાયુ છે. સોમવારે હિંમતનગરના ધારાસભ્ય રાજુભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલ સહિત હૂડામાં સમાવેશ ૧૧ ગામના સરપંચોએ જિલ્લા કલેકટર સમક્ષ પણ રજુઆત કરી હતી. જોકે મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ હૂડાની રચનાથી પડનારી મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી શકે તે માટે મંગળવારે હિંમતનગરના ધારાસભ્ય તથા સંગઠનના પદાધિકારીઓ રૂબરૂ મળી રજુઆત કરશે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર અને આસપાસના ૧૧ ગામોને હિંમતનગર અર્બન ડેવલોપેમન્ટ ઓથોરીટીમાં સમાવેશ કરી હૂડાની રચનાનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાતા પ્રજામાં જનાક્રોશ જોવા મળ્યો હતો. સોમવારે સવારે મોટી સંખ્યામાં નાગરિકો તથા બિલ્ડરો એકત્રિત થયા હતા. ધારાસભ્ય રાજુભાઈ ચાવડાના કાર્યાલય ખાતે દોડી આવ્યા હતા અને હૂડા હટાવોના નારા લગાવી આવેદનપત્ર આપ્યુ હતું. શહેરમાં હૂડાની રચના સામે વધેલા જનાક્રોશ જોઈને ધારાસભ્ય રાજુભાઈ ચાવડા તથા જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે જિલ્લા કલેકટર પી.સ્વરૂપને હૂડામાં સમાવિષ્ટ ૧૧ ગામના સરપંચોને સાથે રાખી રજુઆત કરી હતી.

આ અંગે વધુ માહિતી આપતા અગ્રણી ભરતભાઈ પટેલે જણાવ્યુ હતું કે રવિવારે હિંમતનગરની લેઉઆ સમાજવાડીમાં હૂડાનો વિરોધ કરવા માટે વ્યૂહરચના ઘડવામાં આવી છે. દરમિયાન સોમવારે અનેક નગરજનો, બિલ્ડરો, દલાલો તથા ખેડૂતો, અસરગ્રસ્ત પ્લોટધારકોએ ધારાસભ્ય રાજુભાઈ ચાવડાની ઓફીસને ઘેરાવો કરી આવેદનપત્ર આપ્યુ હતું. ત્યારબાદ ધારાસભ્ય રાજુભાઈ ચાવડા, ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે જન આક્રોશ જોઈને કલેકટર પી.સ્વરૂપને રૂબરૂમાં મળી રજુઆત કરી હતી. જિલ્લા કલેકટરે પણ હૂડાની રચના અંગેના તમામ પાંસાઓની ચકાસણી કરવાની તથા સરકારમાં રજુઆત કરવાની હૈયાધારણ આપી હતી. જોકે ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ સાથે રૂબરૂ મળવા માટેનો સમય માગતા મંગળવારે બપોરના ૩ કલાકે હૂડા અંગે ચર્ચા કરવા માટેનો સમય ફાળવવામાં આવ્યો છે.

બીજી તરફ હૂડાની રચના રદ કરવામાં ન આવે ત્યાં સુધી બિલ્ડરો, ખેડૂતો, અસરગ્રસ્ત પ્લોટધારકો તથા નાગરિકોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી આગામી તા.૨૨મીએ હિંમતનગર બંધના એલાનને સફળ બનાવવા કવાયત હાથ ધરી છે. આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે જણાવ્યુ હતું કે કયા કારણોસર હૂડાની રચના કરવામાં આવી છે, તેની તમામ માહિતી પ્રજા સુધી પહોંચાડવી જોઈએ. છેલ્લા ત્રણ વર્ષથી હૂડાના કારણે બાંધકામ, ઉદ્યોગ મંદીમાં સપડાઈ ગયો છે. ૨૦ હજાર પ્લોટો રજાચિઠ્ઠીની મંજુરીના અભાવે બાંધકામ કરી શકાયુ નથી. ત્યારે મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે સમક્ષ હૂડા સબંધિત તમામ પાંસાઓની ચર્ચાઓ કરાશે.

## શબ્દાવલી - ૫૭૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | |
| | ■ | ૫ | | | | ■ | ■ |
| ૬ | ૭ | | ■ | ૮ | | ૯ | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | |
| ■ | | ■ | ૧૬ | ૧૭ | | | |
| ૧૮ | ■ | ૧૯ | ■ | ૨૦ | | ૨૧ | |
| | ■ | ૨૨ | | | ■ | | ■ |

### આડી ચાવી

૧. પાઉં-બ્રેડ નબાવવાનું ભઠિયારકાનું (૩)
૩. સફળ થવું તે, સાર્થકતા(૪)
૫. પરાણે, ધરારથી (૪)
૬. રીત, રિવાજ (૩)
૮. ઘરધણી (૪)
૧૧. વિષયી, વિષયાસક્ત (૨)
૧૨. મા, જનની (૨)
૧૩. સમજ (૨)
૧૪. અભ્યાસ, મહેનત (૩)
૧૫. માથા અને આંખનો એક રોગ (૩)
૧૬. અપવિત્ર, ખરાબ (૩)
૨૦. એક ગામનું નામ (૪)
૨૨. નાક વિનાનો (૩)

### ઊભી ચાવી

૧. બેદરકારપણુ (૫)
૨. સુર અને તાલનો સમન્વય કરવો(૩)
૩. મદદ કરવી તે (૪)
૪. ડ્યુટી, જવાબદારી (૩)
૭. શણગારેલ, મંડલ-તંબુ(૪)
૯. કોમળ, નાજુક (૩)
૧૦. નજરતળે રહે તેમ કેદ કરવું (૫)
૧૫. ઓસ, તુષાર (૩)
૧૭. સુપડામાં ઝાટકવું (૩)
૧૮. ઓળખાણ, પતો, ... મળવી (૨)
૧૯. ભગીની, સીસ્ટર (૨)
૨૧. ઓળખાણ, લાગવગ (૨)

### શબ્દાવલી ૫૭૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાવન (૩) મનખો (૬) હિના (૮) રીવાજ (૯) સમોવડિયુ (૧૧) રત (૧૨) છાલક (૧૪) ભાલો (૧૫) ચૂંક (૧૭) પાટલા (૧૮) ચોક (૧૯) ખતવાણી (૨૨) મનન (૨૩) ઘરઘાટી

**ઊભી ચાવી :-** (૧) સારસ (૨) નહિવત (૪) નરી (૫) ખોવાયેલ (૭) નાડી (૧૦) મોરલો (૧૩) કમકમાટી (૧૪) ભારેખમ (૧૫) ચૂંટણી (૧૬) કલા (૧૭) પાવન (૨૦) તન (૨૧) ખાર

## ૧૬મા ક્રમ પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિવર્સિટીઓમાં લાંબા સમયથી ન હોવાને કારણે વિદ્યાર્થીઓ હેરાન પરેશાન છે. રાજયમાં ધોરણ-૧ કે તેથી વધુ ધોરણના વર્ગ ચાલતા હોય તેવી ૧૪૦૦૦ શાળા એવી છે કે જ્યાં ફકત એક જ વર્ગખંડ ઉપલબ્ધ છે. ગામડાંની આ ૧૪ હજાર શાળામાં તાકીદે નવા વર્ગખંડ બાંધવા ભાજપ સરકારે ચિંતા કરવી જોઈએ. ભાજપ સરકાર ગ્રામ્ય વિસ્તારની સંદતર ઉપેક્ષા કરે છે. આદિવાસી વિસ્તારોની શાળાઓમાં ૧૦,૦૦૦ કરતાં વધુ શિક્ષકોની લાંબા સમયથી ઘટ છે. ગામડાંઓની શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ઘટ છે. જેના પરિણામે ગુજકેટ અને જીઈઈ જેવી પરીક્ષામાં વિદ્યાર્થીઓ યોગ્ય ગુણ મેળવી શકતા નથી જેથી ધોરણ-૧૨માં ઉચ્ચ ટકાવારી હોવા છતાં ગુજકેટ જેવી પરીક્ષામાં ઓછા માર્કને કારણે વિદ્યાર્થીઓ મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશથી વંચિત રહી જાય છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કોગ્રેસના શાસનમાં ઈજનેરો, તબીબો, આર્કીટેકચર અને અન્ય પ્રોફેશનલ અભ્યાસક્રમ ગુણવતા સાથે ઓછી ફીમાં ઉપલબ્ધ થતો હતો. પરિણામે, સારા ઈજનેરો, તબીબો, આર્કીટેક્ચર અને અન્ય પ્રોફેશનલ તૈયાર થતા હતા. છેલ્લા ઘણા સમયથી સરકારે શિક્ષણનું ખાનગીકરણ કર્યુ હોવાથી ઈજનેરી, તબીબી સહિતના અભ્યાસક્રમનું શિક્ષણ અતિ મોઘું થયું છે. કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાત માટે સેન્ટ્રલ યુનિવર્સિટી અને આઈઆઈટી આપી પણ હજુ સુધી આ સંસ્થાઓના વિકાસ માટે જોઈએ તેવી મદદ ભાજપ સરકાર કરતી નથી. રાજયની મોટામાં મોટી યુનિવર્સિટી જીટીયુ (ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી)ની સ્થાપનાને આઠ વર્ષ જેટલો સમય થયો છતાં આજે માત્ર ત્રણ કાયમી કર્મચારીથી યુનિવર્સિટીનો વહીવટ ચાલી રહ્યો છે. દોઢ-દોઢ વર્ષ સુધી વિદ્યાર્થીઓને માર્કશીટ મળતી નથી. રાજયમાં શિક્ષણનો અધિકાર કાયદો (આરટીઈ)નો અમલ કરવામાં ભાજપ સરકાર સંપૂર્ણ ઉદાસીન રહી છે. જેના કારણે ગરીબ અને મધ્યમવર્ગના પરિવારના બાળકો મફત શિક્ષણના અધિકારથી વંચિત રહ્યા છે.

## આફત નોતરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરૂચ, ગોધરા, સુરત જેવા જિલ્લાઓમાં મેઘરાજાએ પધરામણી કરી દીધી છે જયારે સૌરાષ્ટ્રમાં રાજકોટ અમરેલી, રાજુલા, જુનાગઢ સહિત અનેક ઠેકાણે વરસાદ વરસ્યો હતો. વરસાદ આવવાના ત્રણેક માસ પહેલા પ્રિ મોન્સુન કામગીરી હાથ ધરવાની હોય છે. પરંતુ રાજયના પાટનગરમાં જ આ કામગીરી ફકત ફાઈલો પુરતી મર્યાદિત રહી હોય તેવું લાગ્યા કરે છે. હરિયાળા પાટનગરમાં વૃક્ષોની માવજત પ્રત્યે તંત્રનુ ઉદાસીન વલણ સ્પષ્ટ તરી આવ્યું છે. પરંતુ ચોમાસામાં અણધાર્યા આવતા વાવાઝોડા અને ભારે વરસાદમાં નમી પડેલા વૃક્ષો જોખમી બની જીવલેણ સાબિત થાય તે પહેલા હટાવવામાં પણ તંત્ર ઉણુ ઉતર્યું હોય તેવું નગરના માર્ગો ઉપરના દશ્યોથી લાગી રહ્યું છે.

નગરના આંતરિક માર્ગો ઉપરના વૃક્ષની દરકાર સુધ્ધાં લેવાતી ન હોવાનું નગરજનો જણાવી રહ્યા છે. પરંતુ દૈનિક મોટી સંખ્યામાં મુખ્ય માર્ગો ઉપર પસાર થતા વાહનો અને નાગરિકોની સલામતી ખાતર પણ આ માર્ગની બાજુમાં નમી પડેલા વૃક્ષો અને ડાળીઓ પણ તંત્ર એ હજુ સુધી દુર કરી નથી. જેથી અતિ વરસાદ તથા ભારે પવનોની થપાટે ધરાશાયી બનતા વૃક્ષો મુખ્ય માર્ગમાં અવરોધ પેદા કરશે તેવી દહેશત વ્યકત થઈ રહી છે. વધુમાં અચાનક બનતી આવી ઘટના થકી જાનહાની થવાની સંભાવના અનેક ગણી વધારે ઉભી થઈ છે. જેથી હજુ પણ તંત્ર આ કામગીરી હાથ ધરે અને સાવચેતી રાખી આવા વૃક્ષો અને ડાળીઓના સર્વે કરી માર્ગોની સલામતી ઉભી કરે તેવી નગરજનોની માંગ ઉઠી છે.

## સે-૧૬ મહાત્મા ગાંધી વિદ્યા મંદિરમાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

વિશ્વ યોગ દિવસની તડામાર તૈયારીઓ શહેરની શાળાઓમાં ચાલી રહી છે. સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યા મંદિરમાં યોગ દિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓને યોગની તાલીમ આપવામાં આવી હતી. શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ યોગમાં જોડાયા હતા.

## પેટ્રોલમાં ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમદાવાદમાં હાલમાં ડિઝલનો ભાવ ૫૮.૧૦ રૂપિયા છે. જેમાં હવે લિટર દીઠ ૧.૬૦નો ઘટાડો થશે. જેથી અમદાવાદમાં ડિઝલના નવા ભાવ ૫૬.૫૦ થઈ જશે. બીજીબાજુ દેશના અન્ય ભાગમાં પણ આવી જ સ્થિતિ રહેશે. આ વર્ષે પેટ્રોલની કિંમતમાં પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. જોકે, ડિઝલની કિંમતમાં કેટલીક રાહત આજે આપી દેવામાં આવી હતી. ૧૫મી મેના દિવસે પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૩.૧૩ રૂપિયા અને ડિઝલની કિમતમાં ૨.૭૧નો વધારો કરાયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં વધારો થયા બાદ આ વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ પહેલા ફ્યુઅલની કિંમતમાં પહેલી મેના દિવસે ફેરફાર કરાયા હતા. અગાઉ બે વખત પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૭ રૂપિયાનો વધારો કરાયો હતો. જ્યારે ડિઝલની કિંમતમાં લિટર દીઠ પાંચનો વધારો કરાયો હતો.

બે રાઉન્ડ કાપમાં રહ્યા બાદ ૧૫મી એપ્રિલના દિવસે પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૩.૯૬નો વધારો કરાયો હતો. જયારે ડિઝલની કિંમતમાં ૨.૩૭નો વધારો કરાયો હતો. ત્યારબાદ ૧૫મી મેના દિવસે પેટ્રોલની કિંમતમાં ફરી ૩.૧૩ અને ડિઝલની કિંમતમાં ૨.૭૧નો વધારો કરાયો હતો.

## સૌર ઉર્જા વીજમથક

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરી પાડી છે. એટલું જ નહી આ પ્રોજેકટથી ગાંધીનગર હવે ખરા અર્થમાં દેશનું પ્રથમ સોલાર સીટી બનવા ઝડપથી આગળ વધી રહ્યું છે.

આ યોજના અંતર્ગત હાલની સ્થિતિએ ગાંધીનગર ખાતે કુલ ૫૪૩૦ કિલોવોટ એટલે કે કુલ ૫.૪ મેગાવોટના કુલ બાવન સરકારી મકાનો અને ૨૭૬ રહેણાંક વિસ્તારોમાં સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે. જેના દ્વારા એપ્રિલ-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૧.૨૦ કરોડથી વધુ સૌર-ઊર્જા યુનિટોનું ઉત્પાદન થયું છે.

ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આ પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગરની એવરેજ વાર્ષિક વીજ વપરાશ ૨૭.૫ કરોડ યુનીટની છે. એનો અર્થ એ થયો કે અત્યાર સુધીમાં આ વીજ વપરાશના બે ટકાનું વીજ ઉત્પાદન સૌર ઊર્જાથી થઈ રહ્યું છે.

આ યોજના થકી ગુજરાતે વીજ આધારીત સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર દેશને રાહ ચીંધ્યો છે, ત્યારે ગાંધીનગર ખાતે પાંચ મેગાવોટ છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જાનું રાષ્ટ્રને સમર્પણ કરતા ગુજરાત ગૌરવની લાગણી અનુભવે છે એમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## પંચાયત પરિષદમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંજોગોમાં પંચાયતોની સર્વોચ્ચ બોડીમાં આજે વિશેષ ચર્ચા થશે અને પરિષદ પણ પોતાનો વ્યુહ સરકારને આ મુદ્દે રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયત પરિષદની કચેરીમાં જ મળનારી આ બેઠકને લઈ જિલ્લાના આગેવાનો ગાંધીનગર પહોંચી રહ્યા છે અને કાલે આ બેઠકમાં ચર્ચા કરવાની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. પંચાયતની ચૂંટણી પૂર્વે પરિષદની પણ આ છેલ્લી બેઠક હશે તેથી સભ્યો પૂરતી તૈયારી સાથે ચર્ચામાં ભાગ લેશે તેમ મનાઈ રહ્યું છે.

## ડહોળુ પાણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ છેલ્લા ૧૫ દિવસથી રીપેરીંગ કામ ચાલે છે તો હજુ પત્યું કેમ નથી? હજુ કેટલા દિવસ આ રીપેરીંગ કામ ચાલશે? કામ પતે નહી ત્યાં સુધી પણી ડહોળુ આવશે તો તેનાથી બાળકો અને નગરજનોના આરોગ્ય પર અસર પડશે તો તે માટે જવાબદાર કોણ? જેવા સવાલોના તંત્ર પાસે કોઈ જવાબ નથી. હાલ તો સત્વરે આ રીપેરીંગ કાર્ય પુરું કરાય અથવા એ ચાલે ત્યાં સુધી વૈકલ્પિક માર્ગે પીવાનું ચોખ્ખું પાણી પુરું પાડવામાં આવે તેવી આ સેકટરના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.